સામેરી- પછી પ્રભુજી પધારીયા, કચ્છદેશ માંહિ કૃપાળ ।
દેવા દર્શન દાસને, દિનબંધુ દિનદયાળ ॥૧॥
બાળ વૃદ્ધ અંધ અપંગ, અંગે અબળાજન ।
ગામોગામ ને ભવન ભવન, દિધાં તેને દર્શન ॥૨॥
આધુઇ સાપર કોટ કંથા, ભચાઉને ભુજમાં ગયા ।
જીયાં સ્વામી રામાનંદજી, રહેતા બહુ કરી દયા ॥૩॥
માનકુવા ને માંડવી, ગજોડ પુનડી ગામજી ।
ડોણ્ય તેરા તાલ કાળે, ફરીયા સુંદર શ્યામજી ॥૪॥
પછી પોતે પ્રસન્ન થઇ, ઉત્સવની ઇચ્છા કરી ।
દાસને દરશન દેવા, ફેરવી કંકોતરી ॥૫॥
દેશ સોરઠ દુર્ગજુનો, તિયાં સહુ આવજ્યો તમે ।
સુંદર ચૈતર માસમાં, શુદી પુન્યમે આવશું અમે ॥૬॥
પછી પોતે પધારીયા, કચ્છદેશથી હાલાર ।
સત્સંગી સહુ સંગે લઇ, ચાલ્યા પ્રાણઆધાર ॥૭॥
પછી પોતે આવી કરી, બહુ લીળા ધોરાજીયે ।
સંત સહુને સુખ દેવા, અતિશે મન રાજીયે ॥૮॥
ત્યાંથી પધાર્યા ગઢજીને, સંગે સર્વે સાથ છે ।
આસ પાસે દાસ દીસે, વચમાં પોતે નાથ છે ॥૯॥
દઈ દદામાં ચાલીયા, પુરબજારે પોતે હરિ ।
અનેક જીવને ઉપરે, દરશનની દયા કરી ॥૧૦॥

આશ્રમ વર્ણ ઓજલની, જે આડે રહ્યાંતાં આવરી ।
તેને ઘેર પધારીયા, હેત જોઈ પોતે હરિ ॥૧૧॥
ભોજન બહુ ભવને કર્યાં, ફરીયા સર્વે શહેર ।
દીન દુરબળ દાસ ઉપર, મહારાજે કરી મેર ॥૧૨॥
વાજિંત્રા બહુવિધનાં, વજડાવિયાં વાજીપરે ।
સંગે સમૂહ જન લઈ, ચાલ્યા કુંડ દામોદરે ॥૧૩॥
નાહિ દામોદર કુંડમાં, બ્રાહ્મણને ભરિ ભાગીયા ।
દિલ ઉદારે દાન દિધાં, જે જે મુખે માગીયાં ॥૧૪॥
જયજય શબ્દે જન બોલે, મનમાં મગન ઘણું ।
પછી પોતે પ્રેમે કરી, કર્યું દર્શન દામોદરતણું ॥૧૫॥
પછી પધાર્યા શહેરમાં, આવ્યા હાટકેશ્વર પોતે હરિ ।
દરશન કરી દેવનાં, તિયાં બિરાજ્યા દયા કરી ॥૧૬॥
શિવસેવક પાય લાગી, માગી માયા મુખ દુઃખ કઈ ।
તેનું દારિદ્ર કાપીયું, મહોર શત પાંચ દઈ ॥૧૭॥
પછી પધાર્યા પુરબજારે, જોવા નારી જરુખે ચડી ।
નાથ નિર્ખિ હૈયે હરખી, ધન્યધન્ય માની ઘડી ॥૧૮॥
પછી હાર અપાર ફુલના, પ્રભુને પહેરાવીયા ।
જેવા નયણે નિરખિયા, તેવા અંતરે ઉતારીયા ॥૧૯॥
ત્યાંથી ઉતારે આવિયા, પુછી સીધાની સામગરી ।
વિપ્રને જમાડવાને, તેડાવિયા ભાવે કરી ॥૨૦॥
જમવાનું જાણી બ્રાહ્મણ, રાજી થયા મનમાં ।
અસુર જને વિઘન કિધું, બ્રાહ્મણના ભોજનમાં ॥૨૧॥
સીધું જમાડ્યું સંઘને, પછી પોતે પણ પધારીયા ।
એવી લીલા કરી આપે, શહેર બારા આવી રીયા ॥૨૨ ॥
પછી સંતને શીખ આપી, ફરો કરો હરિવારતા ।
જેજે વચન કહ્યાં અમે, તેહ રખે વિસારતા ॥૨૩॥
પ્રગટ પ્રમાણ વાત કરજ્યો, આસ્તિક જનને આગળે ।

અમે પણ આ સંઘ વળાવી, આવશું તમપાસળે ॥૨૪॥
પછી સંત સધાવિયા, ફરીયા તે દેશોદેશ ।
અનેક જીવને આગળ્યે, કરે હિતનો ઉપદેશ ॥૨૫॥
દામ વામથી દુર વરતે, તજી રસ રસનાતણો ।
તેને દેખી દુષ્ટ દાજયા, માંડ્યો દ્વેષ અતિ ઘણો ॥૨૬॥
જીયાં તિયાંથી જુલમી જોરે, ઉઠે અસુર મારવા ।
નર નરેશ નજરે દેખે, કોઈ ન આવે વારવા ॥૨૭॥
એક અસુર આવે આપે, સંતાપે સંત સોયને ।
કદ્રજની પેઠે કષ્ટ સહે, કહે નહિ તોય કોયને ॥૨૮॥
વળતી તેની વારતા, સાંભળી શ્રી ભગવાન ।
અતિ દુઃખાણા દિલમાં, ભાવ્યું નહિ ભોજન પાન ॥૨૯॥
પછી સંત પાસળે, પધારીયા પોતે હરિ ।
દેઈ દર્શન મળી વળી, સાધુ શું વાત કરી ॥૩૦॥
સુણો સંત શ્રીહરિ કહે, આપણે બહુબહુ સહ્યું ।
જેમજેમ આપણે ક્ષમા કરી, તેમતેમ દુષ્ટે દુઃખ દયું ॥૩૧॥
આજ પછી એક મારું, વચન રુદીયે ધારવું ।
દુષ્ટ આવે જો મારવા, તેને થોડું ઘણું ડરાવવું ॥૩૨॥
ત્યારે તે સંત બોલિયા, મહારાજ નહિ કહો એમ ।
ભૂંડા ભૂંડાઈ નહિ તજે તો, ભલા ભલાઈ તજે કેમ ॥૩૩॥
ત્યારે પ્રભુજી બોલિયા, ધન્ય ધન્ય ધન્ય સંત તમે ।
જડભરત કદ્રજ જેવા, ક્ષમાવાન ઓળખ્યા અમે ॥૩૪॥
જયદેવ જેવા મેં જાણિયા, ક્ષમાવંત તમે ખરા ।
તમતુલ્ય ત્રિલોકમાં, માનો નથી મુનિવરા ॥૩૫॥
તમારી ક્ષમા વડે, થાશે નાશ અસુર જનનો ।
વણમારે એ મરશે, તમે ત્રાસ તજજ્યો તનનો ॥૩૬॥
ક્ષમાસમ ખડગ નહિ, જરણાસમ નહિ જાપ રે ।
ધીરજસમ ઢાલ નહિ, મૌનસમ નહિ શાપ રે ॥૩૭॥

ક્ષમાવાન જનનો, જો અસુર સુર દ્રોહ કરે ।
દેવ દાનવ માનવ મુનિ તે, એહ પાપે આપે મરે ॥૩૮॥
માટે તમે માનજયો, આવ્યો અસુરનો અંત આજથી ।
સુખે ભજો શ્રીકૃષ્ણને, એ ખરું કહું ખોટું નથી ॥૩૯॥
તમ જેવા નિરમાનિનો, જેણે જેણે દ્રોહ કર્યો ।
જુવો વિચારી આ જગતમાં, આજ મોર્યે કોણ ઠર્યો ॥૪૦॥
માટે એનો વેષ ઉતારીને, અલક્ષ્યપણે રહો તમે ।
પછી માળા પહેરજયો, જ્યારે આગન્યા કરૂં અમે ॥૪૧॥
ત્યારે સંત કહે સારૂ સ્વામી, જેમ કહો તમે કરશું ।
માળા તિલક મુકી અમે, અલક્ષ્યપણે ફરશું ॥૪૨॥
પછી કાપી ચોટી કંઠીયો, મુખસામું જોઈ હરિ હસ્યા ।
ઉતારી માળા મુદ્રિકા, ગ્રહી નિરમાની દશા ॥૪૩॥
કહું ગામ કાલવાણિએ, હતા પરમહંસ પાંચશે ।
પંચ વ્રતે પુરા શૂરા, વૈરાગ્ય ત્યાગ ઉરને વિષે ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે સાધુને શ્રીજીમહારાજે કંઠીતિલકનો ત્યાગ કરાવીને પરમહંસ કર્યા એ નામે એકાવનમું પ્રકરણમ્ ॥૫૧॥